[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

(તારીખ ૨૩ મી અગષ્ટ ૧૯૦૨ ના મુંબઇ સમાચારનો ઉતારો.)

બ્રહ્મચારી શ્રી રામેશ્વરાનંદજીએ સ્થાપેલી ધર્મ સભા તરફથી બ્રહ્મચારી શ્રી નીત્યાનંદજી મહારાજે "વિધવા વિવાહ શાસ્ત્ર સમ્મત છે અથવા નહીં?" એ વીષય ઉપર આપેલુ છઠું વ્યાખ્યાન.

તા. ૨૦ મીઅગસ્ટ ૧૯૦૨ બુધવારે સાંજના છ વાગતાં ગેઈટી થીએટરમાં ઉપરનું ભાષણ આપ્યુ હતું. આ વખતે નાટકશાળા શ્રોતાજનોથી તદન ચિકાર હતી અને ગરદીને લીધે ઉભરાઇ જતી હતી આશરે સો એક બાઈઓ પણ હાજર હતી. આ ઉપરાંત કેટલાએક પારસી ગ્રહસ્થો, અને સન્યાસીઓએ પણ હાજરી આપી હતી. સેંકડો આદમીઓ ગેલેરીમાં અને બીજે ઠેકાણે ઉભા ઉભા જગ્યા ન મળવાથી સાંભળતા હતા. સ્વામીશ્રીના આવતાં તેઓને તાળીઓના અવાજોથી વધાવી લેવામાં આવ્યા હતા, અને રંગભૂમી ઉપર બીરાજેલા સંભાવિત્ ગ્રહસ્થોએ તેમને ઉભા થઇ માન આપ્યું હતું,

ડાકટર પોપટ પ્રભુરામનું ભાષણ

શરૂઆતમાં ધર્મ સભાના સંયુક્ત મંત્રી Joint Secretary ડાકટર પોપટ પરભુરામે જણાવ્યું હતું કે "વિધવાવિવાહ શાસ્ત્ર સમ્મત છે વા નહીં?" એ વિષય ઘણો મહત્વનો છે. તમોએ આટલી મોટી સંખ્યામાં આજ દીને હાજરી આપી તે

માટે હું આપનો અંતઃકરણથી ઉપકાર માનું છું. આજના વિષય ઉપર માધવબાગમાં મળેલી ધર્મ સભામાં અતિશય ચર્ચા ચાલી હતી, અને આજ આપણે સ્વામી શ્રી નીત્યાનંદજીનો અભિપ્રાય લેવા મળ્યા છીએ. આ૦ ડાકટર સર ભાલચંદ્રે મને હાલજ ટે-લીફોન કીધોછે કે હું બનતા સુધી જલદી આવી પહોચુંછું, પરંતુ આજ સમય થોડો હોવાથી તેમના આવતાં સુધી થોભી શકાય એમ ન હોવાથી હું સ્વામીજીને પોતાનો વિષય પ્રારંભ કરવાને વીનંતિ કરૂં છું. (તાળીઓ).

એક જાતના પુનર્લગ્ન માટે બધા કબુલ બીજા માટે નહી

તાળીઓના અવાજો વચ્ચે સ્વામી શ્રીનીત્યાનંદજી મહારાજે પોતાનું વ્યાખ્યાન શરૂ કરતાં જણાવ્યું કે મારી પ્યારી બ્હેનો અને ભાઇઓ,—આજનો વિષય ધર્મસભાના સુયોગ્ય મંત્રીએ આપને નિવેદિત્ કીધો છે. વિધવા વિવાહ કોઇ સશાસ્ત્ર અને કોઈ અશાસ્ત્ર જણાવે છે. હું તે ઉપર વિવેચન કરૂં ત્યાર પૂર્વે, હું એક વાત કહેવા ચાહુંછું. પુનર્વિવાહના બે અંશ છે એક અંશમાં તો પુનર્લગ્ન સર્વ હીંદુઓ અને પંડીતો માને છે, બીજો અંશ કેટલાએક પંડીતો માને છે, જ્યારે ઘણા નથી પણ માનતા. પહેલો અંશ તો કેવળ માન્ય છે એટલુંજ નહી પણ વ્યવહારિક છે તે અંશ કીયો છે ? હું કહીશ કે રંડવા (જેની સ્ત્રી મરણ પામી હોય તેને હિંદીમાં " રંડવા ")

કહે છે અને શાસ્ત્રમાં વિધૂર કહે છે, તેનું પુનર્લગ્ન એ પહેલો અંશ છે. તેમાં કોઇ હીંદુ ગ્રહસ્થ યા પંડિતનો વિરોધ નથી. એક સાઠ વર્ષનો બુઢ્ઢો ૫૦ મી વખત પણ આઠ વર્ષની કન્યા સાથે લગ્ન કરે તો તે આપત્તિ સમજવામાં આવતી નથી. બંગાળામાં મને અનૂભવ છે કે ત્યાંના કૂલિન બ્રાહ્મણો ઉપરાઉપરી એક પછી એક સ્ત્રી સાથે એટલી તો વખત પૂનર્લગ્ન કરે છે કે બીચારી વહુઓને પતિને ઘેર જઈ તેના દર્શન કરવાનો પણ વારો આવતો નથી. અને મરણ પર્યંત પોતાને ત્યાંજ રહે છે, કદાચજ પતિ પોતાના સસરાને ત્યાં તે પણ રૂપીઆ લેવા માટે જાય ત્યારે તેણી તેને મળી લે તો તેણીનું ભાગ્ય. આ પ્રમાણે પુરૂષની વાતમાં તો બધું ખુલ્લું છે. બાધા સ્ત્રીની બાબતમાંજ છે. પરતુ બધાજ શાસ્ત્રી તેના વિરૂદ્ધ નથી. કેટલાએક ધર્માત્મા સંસ્કૃત તો હજી પણ છે જેઓ સ્ત્રીઓનો પક્ષ કરે છે. (તાળીઓ)

ઇશ્વરચંદ્ર વિદ્યા સાગર, રાજારામ મોહનરાય વિગેરે

બંગાળાના સુપ્રસિદ્ધ સુધારક ઇશ્વરચંદ્ર સાગરે સર્વે પંડિતોને બતાવી આપ્યું હતું કે સ્ત્રીઓનું પુનર્લગ્ન શાસ્ત્ર વિરૂદ્ધ નથી. તેઓ કેવળ મુખવાદીજ નહોતા પણ વ્યવહારિક હતા. તેમણે પોતાની વિધવા પુત્રીનું પુનર્લગ્ન કરી પોતાની સંગીન લાગણી ઉદાહરણથી સીદ્ધ કરી આપી. (તાળીઓ) દક્ષીણમાં પણ વીષ્ણુ પંડીત શાસ્ત્રીએ પુનર્લગ્ન શાસ્ત્ર સમત્ત છે એમ જણાવ્યું હતું (તાળીઓ).

રાજા રામ મોહનરાય અને સતીનો રીવાજ.

બંગાળાના પ્રસિદ્ધ રાજા-રામમોહનરાએ પ્રથમ સતી થવાનો રીવાજ શાસ્ત્ર અને વેદ વિરૂધ છે એ બાબતની હીલચાલ ઉઠાવી. તેમણે સરકારને અરજ કરી કે સતી થવાનો રીવાજ બુરો અને શાસ્ત્ર વિરૂદ્ધ હોવાથી બંધ કરવો. તે ઉપરથી સરકારે તે બાબત શાસ્ત્રીઓનો અભીપ્રાય માગ્યો, અને કહ્યું કે સતી થવાનું વેદમાં હોયતો બતાવો. આ ઉપરથી શાસ્ત્રીઓ "એહેત ટટોલને લગે" હવે ઢુંઢતાં ઢુંઢતાં એક ઠેકાણે "અગ્રેગચ્છ" એવા શબ્દો આવ્યા. ત્યારે તે ભલા આદમીઓએ "અગ્રે" ને બદલે "અગ્ને" બતાવી દીધું અને "અગ્નીમાં જવાને સ્ત્રીને હુકમ છે" એમ શાસ્ત્રીઓએ સરકારને લખી મોકલ્યું. ત્યારે રાજારામ મોહનરાયે વેદનાં અનેક પ્રાચિન હસ્ત લેખનાં પુસ્તકો સરકાર ઉપર મોકલી આપ્યાં, અને કહ્યું કે તમો સરખામણી કરીને જોશો તો માલમ પડશે; કે ખરૂં તો "અગ્રે" છે. અને અગ્ને તો શાસ્ત્રીઓએ ખોટું લખ્યું છે. રામ મોહનરાયે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે જો શાસ્ત્રોમાં સ્ત્રી માટે સતી થવાનું છે તો પુરૂષે પણ શા માટે પોતાની સ્ત્રી પાછળ બળી ન મરવું જોઇએ? (તાળીઓ અને હસાહસ) જો તેમ હોય તો તેઓતે પણ બળી મરવા કહેવું જોઇએ. બાદ સરકારની શાસ્ત્ર સબંધી-ખાત્રી થવાથી સતી ન થવા માટે તેણે કાયદો કર્યો હતો. જ્યાં બુરી રીતી પડી હોય ત્યાં લોકોથી અન્યાય અને અત્યાચાર થાય તેમાં આશ્ચર્ય જ શું છે.

સ્ત્રીઓની આધુનિક ગ્રંથોમાં નિંદા.

ખ્રીસ્તીઓએ તો એક વખત એટલુંજ કહ્યું હતું કે સ્ત્રીઓને આત્મા નથી. (તાળીઓ) પરંતુ આધુનિક હિંદુ લેખકો તો તેથી પણ આગળ વધ્યાછે. તેઓએ સ્ત્રીઓનો—આપણી માતા, બહેન, પુત્રિ સુદ્ધાંનો એટલી તો કઠોરતાથી અનાદર કીધો છે, કે જેથી આપણને અત્યંત દુઃખ થાય છે. પંચતંત્રમાં સ્ત્રીઓ માટે કેવું ખરાબ કહ્યું છે તે જુઓ:—

मधुतिष्ठति वाचि योषितां हृदये हालाहल मेव केवलं ।
अतएव निपीयतेधरो हृदयं मुष्टिभिरेव ताड्यते ॥

આનો અર્થ એવો થાય છે કે સ્ત્રીના વેણમાં તો મધ છે પણ હૃદયમાં તો હલાહલ અર્થાત વિષ છે. જો હકિકતમાં તેણીના હૃદયમાં ઝેર હોય તો પુત્ર તેના ગર્ભમાં રહેછે, તેથી તેણીના પુત્રમાં પણ ઝેર કે" આવવું જોઇએ? તાળીઓ) આગળ તો એથી પણ અત્યંત ખરાબ વિશેષણ તેણીને આપવામાં આવ્યાં છે. વળી કહેવામાં આવ્યું છે કે સ્ત્રીના ક્ષણભર સુખ માટે મધના લોભથી છેતરાઇ જેમ ભમરો કમલમાં લપટાઇ જાય છે, તેમ પુરૂષ તેણીના પાસમાં લપટાઈ જાય છે.

વેદ અને મનુ સ્ત્રી વીષે શું કહે છે.

પરંતુ વેદમાં ઇશ્વરે સ્ત્રી પુરૂષને સમાન ભાવથી જોયાં છે. મનુ તો દયાળુ, ન્યાયકારી હતા. તેથી તેઓનો અભિપ્રાય સ્ત્રી પાપી, અનિતીવાન છે એવો નથી. જુઓ મનુ મહારાજ સ્ત્રીની કેટલી બધી પ્રતિષ્ઠા કરે છે:—

पितृभिर्भ्रातृभिश्चैताः पतिभिर्देवरैस्तथा ।
पुज्या भूषयीतव्याश्च बहु कल्याण मीप्सुभीः

અર્થઃ—પીતા, ભ્રાતા, પતી અને દેવરે તેમજ જેઓ પોતાનું કલ્યાણ ચાહે તેઓએ સ્ત્રીની તો પૂજા કરવી જોઇએ અને તેણીને અનેક વસ્ત્ર આભૂષણથી પ્રસન્ન રાખવી જોઇએ (તાળીઓ) મનુ સ્ત્રીને પૂજનીય કહે છે. તેઓ તો તેણીને દેવતા અને લક્ષ્મિની ઉપમા પણ આપે છે. પુજાનો અર્થ એવો નથી કે તેણીને સીંહાસન ઉપર બેસાડી પુષ્પ, ચંદન, માળા, નૈવેદ્ય ધરવું (ભારે હસાહસ) પરંતુ પુજાનો અર્થ સત્કાર થાય છે.

સ્ત્રીને અનાદર થવાથી શું પરીણામ થયું ?

જ્યારે પ્રાચિન કાળમાં સ્ત્રીઓને પુરૂષ સમાન ન્યાય મળતો, અને તેણીનો સત્કાર થતો, ત્યારે આર્યાવર્ત દેશ અનેક રીતે સુખી હતો. પરંતુ જ્યારે તેણીનો અસત્કાર, અન્યાય અને અનાદર થવા લાગ્યો ત્યારે હિંદુઓએ માનેલી સ્ત્રી રૂપ શક્તિઓ હિંદુઓ ઉપર કોપ કરવા લાગી. હાલ હીંદુઓ દેવી કોપ કરે છે એવું જે માને છે તે ખરૂં છે. હીંદુઓ મહાકાલી દેવીને માને છે. તે નામ શકતિવાચક છે. પરંતુ તેણીની જાતી ઉપર અન્યાય ગુજરવાથી કોપ કરી, તે શક્તિ રૂપી દેવી હવે યુરોપ, અમેરીકા ચાલી ગઇ છે. તેની સાથે બીજી દેવી મહા સરસ્વતી તે પણ યુરોપ ચાલી ગઇ અને હવે ઊંચી વીદ્યા માટે તો યુરોપજ જવું પડે છે. જ્યારે બે દેવી બ્હેનો ચાલી ગઇ ત્યારે ત્રીજી દેવી મહા લક્ષ્મી પણ પ્રયાણ કરી ગઈ, અને આ દેશ નીર્ધન થઇ રહ્યો છે. (જોસભેર તાળીઓ) જો તમો ભલાઈ ચહાતા હોતો તમારે તમારી બહેન માતાનો દેશ છોડી દેવો જોઇએ (તાળીઓ)

પુનર્લગ્ન માટે વેદનો મંત્ર.

સ્ત્રીને મળતા ન્યાય અન્યાયના સંબંધમાં આટલું કહી હું હવે મારા વિષય ઉપર આવીશ. રૂગ્વેદમાં એક મંત્ર છે, તે પુનર્લગ્નની વિરૂદ્ધ સંબંધીછે. તે મંત્ર તૈતરિય સંહીતામાં પણ આવે છે. વેદનું ભાષ્ય કરનાર સાયણે તેનાં બે ભાષાંતર કર્યાં છે. એકમાંતો તો તેમણે પુનર્લગ્નનો કાંઇક નિષેધ જેવો અર્થ કીધો છે, જ્યારે બીજામાં તો તેમણે પુર્ણ રીતે વિધવા વિવાહનું પ્રતિપાદન્ કીધું છે. આ ઉપરથી તમો કદાચ આશ્ચર્ય પામશો કે એકજ ભાષ્યકાર એકજ મંત્રના પરસ્પર વિરૂદ્ધ જુદા અર્થવાળું ભાષ્ય કેમ કર્યું હશે? પરંતુ મુળ વાત એવી છે કે સાયણને બે ભાઇ હતા, જેમાંના એકનું નામ માધવ હતું. સાયણાચાર્ય રાજા વીર ગુપ્તના પ્રધાન હતા. તે રાજાને સમજાવી સાયણે વેદનું ભાષ્ય કરવાનું કામ પોતાના ભાઇ માધવાચાર્યને સુંપરદ કરાવ્યું ભાષ્યનું કામ માધવ તરફથી ઘણે હાથે કરાવવામાં આવ્યું હતું. રૂગ્વેદના તે મંત્રના આ પ્રમાણે બે ઉલટા અર્થ હોવા માટે એજ અનુમાન થઇ શકેછે કે તે મંત્ર બન્ને પુસ્તકમાં જુદે જુદે હાથે ભાષીત્ થવું જોઇએ. તે મંત્ર નીચે પ્રમાણે છે:—

उदीर्ष्व नार्यभि जीवलोकं गतासुमेत मुपशेषएहि;

हस्तग्राभस्य दिधिषास्तवेदं पत्युर्जनित्वमभि सं बभूथ॥

ऋ० मं० १०। सू० १८। मं० ८॥

અર્થ:—હે (નારી) સ્ત્રી! (ગતા સુમેત) નીકળી ગયેલા પ્રાણવાળા પ્રેતની (ઉપશેષ એહી) પાસે તું સુતી છે અથવા પડી છે (ઉદીરષ્વ) ઉઠ, (અભીજીવ લોકં)

જીવતા લોકના સમુદાયની પાસ આવ, (હસ્ત ગ્રાભસ્ય દીધીષો પત્યુઃ) હાથ પકડનાર પુનરવિવાહ કરવાની ઇચ્છા કરવાવાળા પતી સાથ (તવઈદ) તારૂં આ સ્ત્રીપણું (અભીસંબભુથ) સારી રીતે થાય.

પતીના મરવાથી વીધવાને તેના પ્રેત ઉપર પ્યાર છુટે છે અને તેણી તેના ઉપર લપટાઈ પડે છે. તેથી ઈશ્વર ઉપદેશ કરે છે કે તે નિરર્થક છે અને તારે વ્યવહારમાં પ્રવૃત રહેવું જોઇએ.

પતી સંબંધી રૂગ્વેદનો મંત્ર.

વળી રૂગ્વેદમાં લખ્યું છે કેઃ—

सोमः प्रथमो विविदे गन्धर्वो विविद उत्तरः

तृतीयो अग्निष्टे पतिस्तुरीयस्ते मनुष्यजाः

ऋ. मं. १० अ. ८५–९५ मं. ४०

આના જુદી જુદી રીતે અર્થ કરવામાં આવ્યા છે. કેટલાએક એવો અર્થ કરે છે કે પહેલાં સ્ત્રી સોમ સાથે વ્યવહાર કરે છે, પછી અગ્ની, પછી ગાંધર્વ અને પછી મનુષ્ય થાય છે પરંતુ ખરો અર્થ તો આ પ્રમાણે છેઃ—સ્ત્રી સાથ પ્રથમ લગ્ન કરનાર પુરૂષ સોમ અર્થાત તે પુષ્ટ ધાતુને લીધે તે સોમ અર્થાત ચંદ્રમા જેવો સુંદર હોયછે અને તે હોવો જોઇએ. જો સ્ત્રીની સાથે રહી તે મરણ પામે તો બીજી વખત તેણીની સાથે લગ્ન કરનાર પુરૂષ ગાંધર્વ હોવો જોઇએ. અર્થાત્ રસિકતાને પ્રાપ્ત હોવો

જોઇએ. ત્રીજી વખત સ્ત્રી લગ્ન કરે તો તે વખતનો પતી અગ્ની હોવો જોઇએ. અર્થાત તપેલી ધાતુવાળો તે હોવો જોઈએ ચોથી વખતનો પતિ મનુષ્યજ એટલે વીચાર શીલપુરૂષ હોવો જોઇએ.

પુનર્લગ્ન ઉત્તમ કે નહીં?

પુનર્લગ્ન, ઉત્તમ, મધ્યમ, અથવા અધમ તે હું હવે જણાવીશ, વેદ દ્વારાહું કહી શકોશ કે સર્વેથી ઉત્તમ તો જન્મપર્યંત બ્રહ્મચર્ય પાળવું તે છે. પરંતુ તે કાંઈ સહેલ નથી. જો બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છા ન હોય તો લગ્ન કરવાં. અને જો તે જોડામાંથી કોઇ પણ મરણ પામે તો સઉથી ઉત્તમ તો એ છે કે વિધવા અથવા વિધૂરે બ્રહ્મચર્ય પાળવું. પરંતુ જો બ્રહ્મચર્ય ન રાખી શકાય અને સંતતી ન હોય તો વિધવા સ્ત્રી સાથે વિધૂર પુરૂષ લગ્ન કરે. મનુ વિગેરેના શાસ્ત્રનાં તે બાબતનાં પ્રમાણો હવે પછી આપીશ. આર પહેલાં હું અથર્વ વેદનો એક મંત્ર કહું છું.

उत यत् पतयो दश स्त्रियाः पूर्वे अब्राह्मणाः
ब्रह्मा चेद्धस्तम ग्रहीत् स एव पतिरेकधा
ब्राह्मण एव पतिर्न राजन्यो न वैश्यः तत् सूर्यः
प्रब्रुवन्नेति पञ्चभ्यो मानवेभ्यः

અનેક પતી હોવા સંબંધી વેદનું પ્રમાણ.

અથર્વ વેદના પાંચમા કાંડમાં લખ્યું છે કે,

આનો અર્થ એવો થાય છે કે જો કોઇ સ્ત્રીના પ્રથમ દસ પતી અબ્રાહ્મણ હોય તો તે પ્રશસ્ત નથી. જ્યાં રૂષીઓ નિયોગ કરતા હતા, ત્યાં એવો આશય હતો કે સ્ત્રી પોતાની વર્ણના અથવા તેથી શ્રેષ્ઠ વર્ણ સાથે નિયોગ કરે, તેજ શ્રેષ્ઠ ગણાતું. બ્રાહ્મણી માટે બ્રાહ્મણ સાથેજ નિયોગ ઠીક ગણાય. પણ મને કોઇ કહેશેકે તમો આ દસ પતીનો રગડો ક્યાંથી લાવ્યા.? નિયોગમાં એક પછી બીજો પતી કરવામાં આવતા તેવાં અનેક પ્રમાણો શાસ્ત્રો અને ઇતિહાસમાં મળે છે. મહા ભારતના આદી પર્વમાં દ્રૌપદીના સ્વયંવરમાં વ્યાસ અને દ્રૌપદી, તેમજ વ્યાસ અને યુધિષ્ઠિર વચ્ચે સંવાદ છે. તેમાં દ્રૌપદીના પીતા તરફથી પુછવામાં આવ્યું છે કે પાંચ પાંડવો એકજ સ્ત્રી સાથે લગ્ન કરે તે કેમ હોઇ શકે? તેનો જવાબ યુધિષ્ઠિર એવો આપે છે કે તે કાંઈ નવું નથી. તેવા ઘણા દાખલા બન્યા છે. પ્રચેતસના ભાઇ વરકસીના દસ પુત્રો એકજ સ્ત્રીના પતી થયા હતા. વળી બીજી વખતે સાત એકજ પત્નીના પતી થયા હતા. ભારતને જે હીંદુઓ "પાંચમો વેદ" માને છે તેનું આ પ્રમાણ છે. જ્યારે જીવતા ૫, ૭ અને ૧૦ પતીઓ સાથે આ પ્રમાણે એક સ્ત્રીએ લગ્ન કરવાના દાખલા મહા ભારતમાં છે, ત્યારે નિયોગમાં એક પછી બીજા અનેક પતી થોડા વખતને માટે હોય તેમાં તો નવાઇજ શી હોય?

પુરાણમાં પુનર્લગ્નની આજ્ઞા.

પદ્મ પુરાણના પાતાળ ખંડમાં એક કથા છે તેમાં લખ્યું છે કે વીવોદસ રાજાની પુત્રી દીવ્યા દેવીનાં લગ્ન થયા પછી લગ્ન મંડપમાંજ તેણીનો પતી દેવલોક પામ્યો. રાજાએ શાસ્ત્રીઓને પુછ્યું કે હવે શું કરવું. જો કે પુત્રીનું પાણીગ્રહણ (હસ્તમેળાપ) થઇ ગયું હતું તોપણ શાસ્ત્રીઓએ પુનર્લગ્નની આજ્ઞા આપી હતી. એકવીસ એકવીસ વખત સ્વયંવર થવાની વાત મહાભારતમાં છે. એક કન્યાનો ૨૧ મો પતી અર્જૂન થયો હતો. ઘણા હીંદુ શાસ્ત્રીઓનો એવો મત છે કે મનુ પ્રમાણે પુનર્લગ્ન થઇ શકે નહીં. વીધવા બે જાતની છે, એક જેણે કેવળ પતીનો હાથ જ પકડયો હોય તે, અને બીજી જેણે સંસાર સુખ ભોગવ્યું હોય. અને પહેલી મનુ પ્રમાણે પુનર્લગ્ન કરી શકે, જ્યારે બીજી નિયોગ કરી શકે મનુ કહે છે કેઃ—

सा चेदक्षतयोनिः स्याद्गतप्रत्यागतापि वा ।
पौनर्भवेन भर्त्रा सा पुनः संस्कारमर्हति ॥ मनु० ९।१७६

(અ. ૯—૧૭૬.)

મનુ કહે છે કે જો સ્ત્રી પતીને ઘેર ગઇ હોય અને પાછી ફરી હોય (પીયેર) તો પણ જો અક્ષતયોની હોય અને જો તેણીનો પતી મરણ પામે તો તેણીનાં ફરીથી લગ્ન થવાં ઊચિત છે. મનુના સાતે ટીકાકારોનો આ બાબતે એક મત છે. વિશેષમાં તેમાંનો એક રાઘવાનંદ તો એટલે સુધી કહે છે શ્લોકની પહેલી પંક્તીની આખરે “ વા ” શબ્દ આવ્યો છે તેથી એવો અર્થ થાય છે કે ક્ષતયોની હોય તોપણ તેણીનાં ફરીથા પુનર્લગ્ન થવાં જોઇએ (જોશબંધ તાળીએ)

નિયોગ ક્યારે કરવો ?

પતીના મરણ પછીજ નહી, પરંતુ પતિની હયાતિમાં પણ જો સંતતી ન હોય તો સંતતી માટે નીયોગ કરવાનું શાસ્ત્રમાં વિધાન છે. પંડિતો આ બાબત નહી સમજવાથી પોતે થાપ ખાય છે, અને બીજાને ખવાડે છે. નિયોગ સંતતી માટેછે—પરંતુ જો સંતતી હોય છતાં નિયોંગ કરવામાં આવે તો તે માટે મનુ લખે છે કે,

ज्येष्ठा यवीयसो भार्य्या यवीयान्वाग्रजास्त्रियम् ।
पतितौ भवतो गत्वा नियुक्तावप्यनापदि ॥ २ ॥

(અ. ૯ ૫૮)

અર્થાત:—આપતુલ નહી હોય, અને પીતાની આજ્ઞા લઈને પણ જો જેષ્ઠ ભાઇ કનીષ્ઠ ભાઇની સ્રી સાથે અથવા કનીષ્ઠભાંઈ જેષ્ટભાઇની સ્રી સાથે નીયોગ કરે તો તે પતિત્ થાય છે. પરંતુ મનુએ લખ્યું છે કે:—

देवराद्वा सपिण्डाद्वा स्त्रिया सम्यक नियुक्तया ।
प्रजेप्सिताधिगन्तव्या सन्तानस्य परिक्षये ॥ १ ॥

(અ. ૯—૫૯.)

અર્થ:—સંતાનના અભાવમાં શ્વશુર આદીની આજ્ઞા લઇ સ્રી સપીંડની સાથે અથવા દેવર સાથે નીયોગ કરી ઇચ્છીત પ્રજાને પ્રાપ્ત કરે **"देवरो कस्मात् द्वितिय वरो उच्यते"** અર્થાત દેવર બીજોવર આવી વખતે કહેવાય છે. વળી મનુજી લખે છે કે:—

विधवायां नियुक्तस्तु घृताक्तो वाग्यते निशि ॥
एक मुत्पादयेत पुत्रं न द्वितीयं कथं चन ॥ मनुः

અર્થઃ—વાધવા સ્ત્રી માતા આદીની આજ્ઞા લઇને પુરૂષ રાતના મૌન થઇને શરીરમાં ઘી લગાડીને એકજ પુત્રને ઉત્પન્ન કરવો જોઇએ. બીજો નહીં. આ બતાવે છે કે નિયોગ વિષયવાસનાને માટે નહી પરંતુ પ્રજા ઉત્પત્તિ માટે છે.

રૂઢી વિરૂદ્ધ નિયોગ અને પુનર્લગ્ન.

હાલમાં નિયોગ અને પુનર્લગ્ન રૂઢીની વિરૂદ્ધ છે, તેથી તે કેટલાક શાસ્ત્રીઓને ખોટુ લાગશે પરન્તુ હાલ આપણે શાસ્ત્ર શું કહે છે તે જોવાનું છે. વૈશ્નવોના શિરોમણી રંગાચાર્યે "દુરજન કરી પંચાનન"માં લખ્યું છે કે વિધવા વિવાહ શાસ્ત્ર સમ્મત છે, એ વાત જો કે રૂઢી વિરૂદ્ધછે, તોપણ મારે તે કબુલ કરવી જોઇએ. શૈવોના એક મોટા આચાર્ય હરીશ્ચંદ્રે પણ તેમ કહ્યું છે. સુધારકો અને ઘણા વિદ્વાનો પણ તેમજ કહે છે. પરન્તુ કેટલાએક શાસ્ત્રી અને ઑરથોડાક્સ લોકો—જો કી અકલસેં દખલ રખતે હય—(હસાહસ) તેઓજ તેની વિરૂદ્ધ થાય છે. કદાચ મારા આ પ્રમાણે કહેવાથી તમને ખુરૂ લાગશે, પરન્તુ હું વેદાનુકૂળ કહેતો હોવાથી તમોને સારૂ લાગે યા ખોટુ લાગે તેનો હું રતીભર ખ્યાલ કરતો નથી (તાળીઓ) નિયોગનો હેતુ પુત્રોત્પત્તિ છે, તે ખરા રૂષીઓનું કામ હતું. પુર્ણ જીતેન્દ્રિય હોય તેનેજ માટે યોગ્ય છે. પરન્તુ હાલ પ્રજા વિષયાસક્તિમાં વિશેષ પ્રવૃત છે અને હીન દરજ્જાની છે તેથી તેને નિયોગ મુશ્કેલ છે.

નિયોગ થયેલા મહાભારતના દાખલા.

રૂષીઓએ નિયોગ કર્યા છે એવા અનેક દાખલા મહા ભારતમાં લખે છે. ખુદ મહા ભારતના કર્તા **મહર્ષિ વેદ વ્યાસે ભિષ્મ પીતા** મહની માતા સત્યવતિની આજ્ઞાથી વંશ નાશ ન થાય તે માટે **વિચીત્ર** વિર્યની સ્ત્રી અંબાળીકા અને ચિત્રાંગદની સ્ત્રી અંબા સાથે નિયોગ કર્યો હતો. આ બે સ્ત્રીઓ કાશીના રાજાની પુત્રીઓ હતી અને નિયોગને પરીણામે મહાન નિતીકાર વિદુર ઉત્પન્ન થયો હતો. સત્યવતીએ જણાવ્યું કે કૌરવ વંશનો નાશ ન થાય માટે હે વ્યાસ તારે નિયોગ કરવો પડશે. કારણ કે **ભીષ્મપિતામહે** લાભ માટે બ્રહ્મચર્ય વ્રત લીધુંછે તેથી તેઓ નિયોગ કરી શકે તેમ નથી. સત્યવતીએ વ્યાસનું ચિન્તવન કર્યું અને તેઓ ઉપસ્થિત થયા અને આજ્ઞાનુંસાર નિયોગ કર્યો હતો.

તારાનું પુનર્લગ્ન—લોકોની ગપ રામ પેહેલાં રામાયણ.

પુનર્વિવાહ સંબંધી રામાયણમાં પણ કથા છે. રામાયણ સંબંધી લોકોમાં એવી ગપ ચાલે છે કે રામ થયા તે પેહેલાં દસ હઝાર વરસ પહેલાં વાલ્મીકીએ રામાયણ લખી નાંખ્યું હતું. પણ સ્વયમ રામાયણ ઉપરથીજ તે વાત ખોટી ઠરે છે. રામાયણના પહેલા અધ્યાયમાં એવી કથા આવે છે, કે એક વખત મહર્ષિ વાલ્મિકી બેઠા હતા અને નારદ એમને મળવા આવ્યા, વાલ્મિકીએ પુછ્યું કે એવો કોઈ એક પુરૂષ બતાવો કે જે સકળ ગુણસંપન હોય, જેઓ ભક્ત શુરવીર ગુ-

થીથી પરોપકારી હોય અને એક ધર્મને માનનારો હોય તેવાનું જીવન ચરિત્ર લખવાનો હું વિચાર કરૂં છું. નારદ કહે છે કે તેવો પુરૂષ તો મળવો દુરઘટ છે પરન્તુ એકજ એવો પુરૂષ છે, કે જેને તમારા કહેવા પ્રમાણે ઉત્તમ ગુણવાન હોવાની મને ખબરછે. અને તે બીજો કોઇ નહીં પણ દસરથનો કુમાર રામચંદ્ર છે. (તાળીઓ) રામમાં સર્વ ગુણો ઘટે છે માટે તેમનું ચરિત્ર તમે ચાલુ કરો. આવી રીતની એક બીજી ગપ વ્યાસના નિયોગ વિશે કહેવામાં આવે છે કે તેમણે નિયોગ કર્યો નહોતો. પણ ફક્ત જોયું હતું પણ એ ગપ છે, (સૃષ્ટીક્રમ વિરૂદ્ધ રજ વિર્ય વીના પ્રજોત્પત્તિ થાય નહીં.) મહાભારતમાં સાફ લખવામાં આવ્યું છે કે તેમણે નિયોગ કર્યો હતો. મનુતો એટલે સુધી લખે છે કે—અગરજો કેટલાએકનું એવું માનવુંછે કે વિધવા સાથે એક સંતાન થાય ત્યાંસુધીજ *નિયોગ અથવા પુનર્લગ્ન કરવું પરન્તુ બીજાઓનું એમ માનવું છે કે, એક પુરતો નથી, પણ બે સંન્તાન હોવાં જોઇએ. કારણ કદાચ એકનું મૃત્યુ થાય તો બીજો પુત્ર અર્થ સારે. મનુજી વિશેષમાં એટલે સુધી કહે છે કે નિયોગનો અર્થ સિદ્ધ થયા પછી તે સ્રીને ગુરૂની સ્રી સમાન ગણવી.

નિયોગના પુત્રની સ્થિતિ

મનુ મહારાજે બાર જાતના પુત્ર બતાવ્યા છે. તેમાં

औरसः क्षेत्रजश्चैव मनु ९॥ १५९

---

* લગ્ન પણ અમો અને સભા સમક્ષ પ્રજોત્પત્તિ સારૂ સ્રી પુરૂષનું જોડાવવું તેનુંજ નામ લગ્ન છે.

પ્રથમ વિવાહનો પુત્ર તે ઔરસ અને નિયોગ વાળી સ્ત્રીનો પુત્ર તે ક્ષેત્રજ, હવે ઉપલા શ્લોકમાં મનું મહારાજ કહે છે કે પીતા શીવાયની વડીલોપાર્જીત મીલકતમાં બીજા દસ જાતના પુત્રોનો હીસ્સો પહોચતો નથી, પરન્તુ તેમાં ક્ષેત્રજ અને ઔરસને તો સરખો દાયભાગ મળેછે.

નપુશકની સ્ત્રીનો નિયોગ

મનુ મહારાજ કહે છે કે જો કોઇ નપુશક હોય અને સંતતી હોય નહી તો તેનો ભાઇ તેની સ્ત્રી સાથે નિયોગ કરે. અને જે પુત્રો નપુશકની સ્ત્રીનો નિયાગથી થાય તેમને તે નપુશકનો દાય ભાગ લખે છે એમ મનુ કહે છે.

મનુજી વિશેષમાં કહે છે કે જે નિયોગની વિધી બતાવી છે તે છોડી બીજી રીતે સંસાર વ્યવહાર કરવો નહી, અને વ્યભિચારથી વર્ણશંકર પ્રજા ઉત્પન્ન કરવો તે મહા પાપ છે.

શું મનુ નિયોગનો નિષેધ કરે છે,

મનુસ્મૃતીમાં નિયોગના પ્રકરણના અધ્યાયમાં નિચે પ્રમાણે શ્લોક આવે છે.

नान्यस्मिन विधवा नारी निययोक्तव्या द्विजातिभिः ॥
अन्यस्मिन् हि नियुञ्जान धर्म्म हन्युः सनातनम्

મનુજીના શ્લોકનો ટીકાકાર કુલુકભટ્ટ આ શ્લોકનો અર્થ એવો કરે છે કે દ્વીજોમાંની વિધવાએ નિયોગ કરવો જોઈએ નહી, પરન્તુ મનુનો સૌથી ઉત્તમ ટીકાકાર મેધાતિથી છે, તેણે મનુ સ્મૃતિના શ્લોકોની એકવાક્યતા સર્વોત્તમ રીતે કરી છે.

તેઓ તો કહે છે કે મનુજીની નિયોગ સારૂ પુર્ણ સમ્મતિ છે. વળી રાઘવાનન્દ કહે છે "અન્ય" મતલબ પતીના કુળથી અન્ય સ્થાને નિયોગ ન કરવો એવો છે, બીજી નહીં. વેદ અને બ્રાહ્મણ ગ્રંથોના ટીકાકાર માધવાચાર્યે પારાશર સ્મૃતીની ટીકા કરી છે તે હસ્તલખી હોવાથી બીજે ઠેકાણે મળી શકતી નથી, પણ કલકત્તાની રોયલ એસીઆટીક સોસાઇટીની લાયબ્રેરીમાં છે. તેમાં આ શ્લોક સંબંધી લખ્યું છે કે અન્યની મતલબ પોતાથી નીચી જાતી એવી થાય છે જો પતીથી નીચ જતોની સાથે નિયોગ કરે તો સનાતન ધર્મનાશ થાય છે. પણ અન્ય શબ્દનો અર્થ નહી સમજવાથી શાસ્ત્રીઓ થાપ ખાય છે! જો મનુજીને નિયોગ અનિષ્ટ હોય તો તેમણે આગળ તેનું લંબાણથી પ્રતિપાદન કેમ કર્યું હશે? એટલુંજ નહી પણ ત્યાર પછી તેને કાયદાસર કેમ ઠરાવત? શું તે પોતાનો પરસ્પર વિરૂધ અભિપ્રાય તેના તેજ એકજ પાનામાં આપે એવા બુદ્ધિહીન હતા. શું તેઓએ ભાંગ બાંગ પીધી હશે? (હસાહસ). જો મનુને નિયોગ અભિષ્ટ હોત નહીં તો મનુજીને માનનારા **વ્યાસ, યાજ્ઞવાલ્ક,** વાગરે નિયોગનું પ્રતિપાદન કેવી રીતે કરી શકત. આગળ જતાં બ્રહ્મચારીજીએ પુનર્લગ્ન અને નિયોગ હિંદુશાસ્ત્ર સમ્મત્ત છે તે સીદ્ધ કરવાને બીજાં અનેક પ્રમાણ આપ્યાં હતાં.

પારાશરનો પૂનર્લગ્ન સંબંધી શ્લોક.

***नष्टे मृते प्रव्रजिते क्लीवे च पतिते पतौ ।**
पञ्चस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥ मनुः॥

---

*આ શ્લોકનો અર્થ થોડા વખત ઉપર જુના વિચાર પોષક

અર્થ—જો પતી અદ્રશ્યમાન થાય, મરણ પામે સન્યાસી થઇ દુનિયા ત્યાગ કરે નપુષકત્વને પ્રાપ્ત થાય એટલી પાંચ આપત્તિઓમાં સ્ત્રી બીજો પતિ કરી શકે. આ અર્થ સ્પષ્ટ છે પરંતુ તેમાં વાંધો એવો લેવામાં આવે છે કે "પતૌ" શબ્દ વ્યાકરણની દ્રષ્ટીએ જોતાં ખોટો છે. પતિ શબ્દનું સપ્તમીનું એક વચન પત્યૌ; વ્યાકરણ પ્રમાણે હોવું જોઇએ. પરંતુ પારાશરે "પતૌ" લખ્યું છે તે ઉપરથી એવું કહેવામાં આવે છે કે "પતૌ" નો અર્થ "પતિઇવ આચરતી ઇતિ પતી" અર્થાત "જેના સગાઇ થઇ છે લગ્ન નથી થયા એવો પતિ" એવો થાય છે. પરંતુ તે વાસ્તવિક નથી. પરાશરની મતલબ પરણેલોજ પતી હોવો જોઇએ. પ્રથમ તો જો સગાઇ થઇ હોય તો ક્લિબ અર્થાત નપુષક થાય તેની સ્ત્રી સંસર્ગ વિના કેમ પરીક્ષા કરી શકે? છતાં શ્લોકમાં ક્લિબત્વ વિષે છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે સ્ત્રી પુરૂષ ભેગા રહેતાં હોવાં જોઇએ અને તેઓ પરણેલાં હોવાં જોઇએ. વળી શ્લોકમાં " નારી " શબ્દ લખ્યો છે વાસ્તે કરીને "કન્યા" હોઇ શકે નહિ, તો સ્ત્રી પરણેલી ન હોય તો તે કદી પણ નારી કહેવાય નહિ, તે "કન્યા" કહેવાઇ શકે. **નરસ્ય ધર્મા નારી** એવી શાસ્ત્રમાં વ્યાખ્યા કરીછે હવે "પતૌ" શબ્દ પત્યૌ ને બદલે કદી વાપરી શકાય યા નહિ તેનો સવાલ રહ્યો.

ભદ્રંભદ્રોએ પોતાનો કક્કો (વિધવા વિવાહ કરવો ઠીક નથી) તેને ખરો કરવા જુદીજ તરેહનો લીધો છે. વિદ્વાન કહેવરાવનારા દુરાગ્રહ વશ થઇ સ્ત્રીઓને અન્યાય આપે તે દેશની ઉન્નતિ મહા વિકટ છે.

પાણીનું સુત્ર છે કે "प्रतीसमास एव" તે પ્રમાણે જો છંદ વ્યાકરણના નિયમથી કદાપિ ભંગ પડતો હોય તો પિંગળના નિયમને પ્રધાન ગણી કવચિત વ્યાકરણનો નિયમ બાજુએ મુકવામાં આવે છે તો નિયમાનુસાર 'પત્યૈ' તે બદલે રામાયણ-માં અનેક વખતે "પતૌ" શબ્દ વાપરવામાં આવ્યો છે છંદમાં ભંગ ન થાય તે માટે હિંદુઓના માનનીય શ્રી કૃષ્ણે ગીતના આદમા અધ્યાયના ૨૩ મા શ્લોકમાં અવતિષ્ઠતે તે બદલે "અવતિષ્ઠતે" લગ્યું છે. વ્યાકરણમાં પર-સ્મૈ અને આત્મની એવો બે જાતના પદ હોય છે "અવસ્થા" ક્રિયાપદને આત્મની પદ લાગુ પડે છે છતાં પાણીનીનાં="સમવ પ્રવિભ્યસ્થ:"ના સત્ર પ્રમાણે છંદનો ભંગ ન થાય તે પ્રમાણે શ્રી કૃષ્ણે "અવતિષ્ઠ" વાપર્યું છે તેથી કાંઇ શ્લોક ગલત (ખોટો) ઠરે છે એવું છેજ નહિ, પારાસરે પણ "પત્યૈ" શબ્દ વાપરવાથી છંદનો ભંગ થાય તેથી "પતૌ" લાચારીથી વાપર્યો છે, બાકી અર્થ તો પત્યૈ માંજ થાય છે એ નિશંસય છે મુંબાઇમાં ૨૮ સ્મૃતિઓનો એક સંગ્રહ છપાયો છે જેનું નામ ' અષ્ટાવિશંતિ સ્મૃતિ સંગ્રહ' એવું છે મેં તે પુસ્તક વાંચ્યું છે, પારાશરના ઉપલા શ્લોકમાં વીધીયતે છે તેને બદલે આ અષ્ટાવિશંતિ સ્મૃતિ સં-ગ્રહ પ્રગટ કરનારે પોતાની સત્તાથી "નવિદ્યતે" ઠોકી બેસાડયું છે (હસાહસ) બીજા પંડિતોતો અર્થમાં ફેર કરે છે પણ છા-પનાર ભલા આદમીએ શ્લોકજ ફેરવી નાખ્યો.

મનુમાંથી ઉડાવી દીધેલો પુનર વિવાહ સંબંધી

એક શ્લોક.

મનુના પુનરવિવાહ તરફેણમાં એક શ્લોક આગલા વખતથી મનુ સ્મૃતિમાં હતો પણ વિધવા વિવાહ વિરોધી સ્વાર્થીઓએ હાલની મનુસ્મૃતિમાંથી તે ઉડાવી દીધો છે. પરંતુ મનુની કેટલીક પ્રાચિન ટીકાઓમાં તે શ્લોક આપેલો છે જો કે તેમાં પાઠ ભેદતો છે શંકરસ્વામીએ પણ તે આપેલોછે, તે શ્લોક અને પારાશરના ઉપલા શ્લોકમાં એટલોજ ફેર છે કે ત્યાં "પતૌ" ને બદલે "તથા" છે. મનુસ્મૃતિમાંથી બીજા પ્રાચીન ગ્રંથકારોએ આ શ્લોક લઇને પોતાના ગ્રંથમાં આપ્યો છે. અને તેમ કરતાં લખ્યું છે કે મનુસ્મૃતિમાંનો છે. પણ હાલ મનુસ્મૃતિમાં દેખાતો નથી તેથી તે વચમાં ઉડાવી દીધેલો હોવો જોઇએ તે નીચે પ્રમાણે છે,

नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते तथा ।
पञ्चस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥ मनुः ॥

અર્થ—પતૌ શબ્દનો શાસ્ત્રીય રગડોજ આ પ્રમાણે તેને બદલે "તથા" શબ્દ વાપરી મનુએ કાઢી નાખ્યો છે, એટલે પુનરલગ્નનું મનુનું વિધાન સ્પષ્ટ થાય છે, અને શાસ્ત્રીઓની કોઇપણ દલીલ નષ્ટ થાય છે (તાળીયો).

પુનરલગ્ન બાબતમાં રામની અનુમતિ.

રામે વાળીને માર્યા પછી તેના વિધવા તારા જેને હીંદુઓ સતી માને છે તેની સાથે વાળીનો ભાઇ સુગ્રીવ પરણ્યો હતો.

અને કિષ્કંધા કાંડમાં રામે સુગ્રીવની સારી પ્રસંશા કીધી છે તો રામ જેવા ધરમાત્મા સુગ્રીવનું વિધવા સાથે લગ્ન પાપ સમજે તો શું તેઓ તેની પાસે પણ જાય ? એ સંભવિત હતું રામચંદ્ર વિધવા લગ્ન શાસ્ત્ર મર્યાદાનુ કુળ માનતા હોવા જોઇએ. વળી આરણ્ય કાંડના ૪૫ મા સર્ગમાં મારિચ રાક્ષસે સોનેરી હરણનું રૂપ ધારણ કર્યું હતું રામ તેની પાછળ સીતાના કહેવાથી શિકાર ગયા અને તેણે રામને હાથે મરતાં મરતાં હે સીતા ! હે લક્ષ્મણ ! ની જૂઠી બૂમ મારવાથી સીતા સમજી કે મારા પતિને હાની થઇ છે અને તેથી તેણીએ લક્ષ્મણને પોતાના ભાઇને જોવા જવાની વિનતી કીધી છે, તે પરથી સીતાને લક્ષ્મણ વચ્ચે સવાદ ચાલે છે અને લક્ષ્મણ રામ ભયમાં હોવાની સીતાની વાત અસભવિત ઠરાવવાથી સીતાએ કહ્યું કે તું તારા ભાઇને આપતિમાં મને મેળવવા ઇચ્છે છે, પણ હું તારી થવાની જ નથી.

माइलक्ष्मणदुर्बुद्धे भ्रातुर्व्यसनमिच्छसि ॥

मेषितोभरतेनैव रामनाशाभिकांक्षिणा ॥ ३३ ॥

मांनेतुमागतोस्वित्वं रामनाशेउपस्थिते ॥

नमास्पसेत्वंमामद्यपश्यमाणांस्त्यजाम्यहं ॥ ३४ ॥

અર્થ—જો નિયોગ વા પુનરલગ્નની રીતિ રામના વખતમાં ન હોત તો સીતા આ પ્રમાણે કહેત નહીં બાદ લક્ષ્મણ સીતાના આગ્રહથી ગયા હતા, એટલે રાવણ સીતાને ઉપાડી ગયો. વળી મહાભારતમાં લખ્યુંછે કે, વસિષ્ટ ઋષિએ રાજા સૌદાસની

સ્ત્રી દમયંતી સાથે નિયોગ કીધો હતો અને તેથી અશમક પેદા થયો હતો અને દીર્ઘતમા એ બલી રાજાની સ્ત્રી સુદેશના સાથે નિયોગ કરવાની વાત પણ મહાભારતમાં છે (આદીપર્વ ૧૦૬) પુત્ર થવાથી પછી દીર્ઘતમા પોતાને ઘેર ચાલ્યો ગયો હતો.

ક્ષત્રીઓ અને પરશુરામ.

પરશુરામે ક્ષત્રીઓનો નાશ કર્યા હતો થોડા ક્ષત્રીઓ રહી જવા પામ્યા હતા આથી કરીને ક્ષત્રીય સ્ત્રીઓએ બ્રાહ્મણ સાથ નિયોગ કીધો હતો અને હાલ જે ક્ષત્રીયો ઉપસ્થીત છે. તે બધા બ્રાહ્મણની ઓલાદ છે, એમ મહા ભારતમાં લખ્યુંછે (તાળીયો.)

વિધવા વિવાહ ન થવાથી ગેર ફાયદા.

આ પ્રમાણે પ્રાચીનકાળમાં નિયોગ અને પુનરવિવાહની રીતિ ઉચ્ચ જાતોમાં હતી તે મેં સંક્ષેપથી સિદ્ધ કીધુ છે પરંતુ હાલતો ૬૦ વરસનો બુઢો મરવાની છેલી ઘડીએ સોનાપુરના લાકડામાં દટાતા દટાતા પણ (હસાહસ) આઠ વરસની છોકરી સાથે પરણુવાને તત્પર થાય છે ને પરણી શકે છે. પરંતુ પેલી બિચારી આઠ વરસની વિધવા પરણી શકતી નથી. અહીની તો મને ખબર નથી પરંતુ ઉત્તર હિંદુસ્તાનમાં વિધવાઓ આ ર બંધનને લીધે નાશી જાયછે, (મુસલમાન)મહોમેદન થઈ જાય છે, અને જે ગુમલીલાઓ થાય છે તે તો તમે જાણો છો તેથી બાળહત્યા પણ થાય છે.

હાય ! આ કેવો અન્યાય પરંતુ પુનર્લગ્નથી તે પાપ અટકાવવું તે શાસ્ત્રીય નહી એ કહેવું તે દુરાગ્રહ અને દયાની ગેરહાજરી નહી તો બીજું શુ ? (તાળીઓ)

હાલમાં હીંદુઓમાં પુનરલગ્નનો વધારો.

હાલ પણ હીંદુઓમાં પુનરલગ્ન બીલકુલ નથી એમ નથી હું છાતી ઉપર હાથ ઠેકીને કહું છું કે હજુ સારસ્વત બ્રાહ્મણમાં વિધવાનાં પુનરલગ્ન થાય છે (જોસ ભેર તાળીયો) કેણ કહેશે કે તેઓ બ્રાહ્મણ નથી ? ક્ષત્રિયો લુવાણાઓમાં પણ વિધવા વિવાહ થાય છે કોણ કહેશે તેઓ ક્ષત્રિય નથી ? બિહારમાં વૈશ્ય પણ તેમ થાય છે કોણ કહેશે તેઓ વૈશ્ય નથી શુદ્રમાંતો છેજ. પણ કેટલાક હાંજીજ આગ્રહી છે, છેક રામના વખતમાં પુનરલગ્નની રીતી હતી તે તો મે બતાવ્યું છે. પુનરલગ્ન કરનાર સુગ્રીવ તો વાનર હતો એમ કોઇ વાંધો કાઢશે. પણ તે ખોટું છે તેઓ કપડા પહેરતા બોલતા ચાલતા હતા તે વાનર હોય તો કેમ બોલી શકે તેઓ કેવળ વધુ જંગલી અવસ્થામાં હતા તે તેઓની બેશવાની રીતે સિદ્ધ કરી આપેછે. **પુનરલગ્નથી ઝેર પીવરાવવાની બીક.** છેલી વસ્તી પત્રક પ્રમાણે આ ઇલાકામાં આશરે દશ લાખ આદમી ઘટી ગયા છે. હીંદુસ્તાનની વસ્તી પણ જોઇએ તેટલી વધી નથી દેશને આથી મોટી હાની થઇછે. હું નમ્રતાપૂર્વક કહુંછું કે સ્ત્રીઓતે ન્યાયાનુસાર પુનર લગ્ન કરવાની છુટ આપો નહીતો હું ખાત્રીથી કહું છું કે હજુ ખરાબ દિવસો આવશે ને તમારા બૂરા હાલ થશે, એવું કેટલાક કહે છે કે જો બીજો પતિ કરવા દેવામાં આવે તે બીજો પતિ કરવાને માટે પહેલા પતિને ઝેર આપે પરંતુ બિચારી સ્ત્રી એવા નરમ છે કે તે એવું કામ કરેજ નહી. અદાલતના મુકરદમા જોશો તો માલમ પડશે કે ગુન્હા કરનારાઓમાં સો પુરૂષે પણ

એક સ્ત્રી આવતી નથી. (જોસભેર તાળીઓ) લેઉઆ કણબી વગેરે જ્ઞાતિ તથા અંગ્રેજોમાં પુનર્લગ્ન છે પરંતુ શું તેઓમાં ઝેર આપવાના કોઇપણ દાખલા બન્યા છે? (તાળીઓ) પારસીઓ વિષે મને ખબર નથી. એક પારસી ગૃહસ્થ—તેઓમાં પણ રિવાજ છે, પારસીઓમાં પણ રીવાજ છે એમ કહે છે તો કોઇ પારસી બાઇએ બીજા પતી માટે ઝેર આપ્યું છે? તે બિચારી સ્વભાવે દયાળુ છે, તેણીનું નામજ અબળા છે. તે આવા દુષ્ટ કૃત કદી કરેજ નહીં. (તાળીઓ) તમે દુખી છો તે તમારા કર્મનું ફળ છે બાકી ઈશ્વર તો ન્યાયી અને દયાળુ છે હું વિધવા પુનરલગ્નની તરફેણ કરૂં છે તેથી એમ નહીં સમજશો કે મારી કોઇ વિધવાપુત્રી છે કે જેને હું ફરીથી પરણાવવા માગું છું (ભારે હસાહસ) પરંતુ નિયોગ અને પુનરલગ્ન—વેદ, સષ્ટીક્રમને અનુકૂળ હોવાથી તેની તરફેણ કરૂછું (તાળીયોની ચાલુ ગર્જના) બાદ સભા આશરે ૭ા વાગે વિસરજ થઇ હતી.

નિયોગને કેટલાક આર્યસમાજના દ્વેષિઓ એ ઘણો હલકો પાડવાજાય છે. પણ હઠીબનો જવાથી વિચાર કરતા નથી કે નિયોગ અને પુનર્લગ્નનો પ્રચાર કર્યા વિના વધો પડેલો વ્યભિચાર અને વિષય વાંસના અને તેનું ફળ વર્ણશંકર પ્રજા તે કદી પણ ઓછાં થનાર નથી.

[illegible]

[illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]